સુખનો આધાર તમે કેટલું ત્યાગ કરી શકો છો તેના પર છે કેટલું મેળવો છો તેના પર નથી
- ગાંધીજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૯ | ૨૮ જુલાઇ ૨૦૧૨, શનિવાર, શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મધુર ડેરીમાં શંકરસિંહ રાણાના વિજયની હેટ્રીક

## પરિવર્તન પેનલના સૂપડા સાફ થયા, રાજકીય મંધાતાઓ પણ પરાજય પામ્યા; સહકારીક્ષેત્રમાં આનંદનું મોજુ



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ના બોર્ડ ઓફ ડિરેકટર્સની આજે યોજાયેલ ચૂંટણીમાં ચેરમેન શ્રી શંકરસિંહ રાણાની સમગ્ર પેનલે સતત ત્રીજી ટર્મ વિજય મેળવી વિજયની હેટ્રીક નોંધાવી છે.

અત્યંત રસપ્રદ અને રોચક બનેલા આ ચૂંટણી જંગે સહકારી ક્ષેત્રે જ નહિ પરંતુ રાજકીય વર્તુળોમાં પણ ભારે ઉત્તેજના જગાવી હતી. શ્રી રાણાની વિકાસ પેનલ સામે પરિવર્તન પેનલ જંગમાં હતી. ૨૪ ઉમેદવારો વચ્ચે ખેલાયેલા આ જંગમાં જંગી સરસાઈથી શ્રી રાણાની પેનલ વિજયી બની હતી.

વિજય બાદ સમર્થકોને ટુંકા સંબોધનમાં શ્રી શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે દૂધ ઉત્પાદકોના હિત અને વિશ્વાસને કાયમ રાખવા તેઓ અને તેમની ટીમ કટિબધ્ધ છે તેમણે જણાવ્યું હતું કે દૂધ ઉત્પાદકોના હિત અને વિશ્વાસનો આ વિજય છે.

આજે યોજાયેલ આ ચૂંટણીમાં સવારે ૯ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. બપોરે ૧ વાગ્યા સુધીમાં ૧૦૦ ટકા મતદાન સંપન્ન થઈ ગયું હતું.

બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે આ ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડથી જ વિકાસ પેનલે પ્રતિસ્પર્ધી પરિવર્તન પેનલ પર સરસાઈ મેળવી લીધી હતી. જો કે બીજા રાઉન્ડમાં પરિવર્તન પેનલે સારી સ્પર્ધા કરી હતી પરંતુ ત્રીજા અને અંતિમ રાઉન્ડની ગણતરીમાં વિકાસ પેનલે મેદાન માર્યુ હતું.

૧૧૦ મતદારો ધરાવતી આ અત્યંત પ્રતિષ્ઠીત સંસ્થાના પ્રતિષ્ઠીત જંગે ભારે રાજકીય ઉત્તેજનાઓ જગાવી હતી. શ્રી શંકરસિંહ રાણાએ ૯૮ મત મેળવી અને સૌથી વધુ મત મેળવ્યા હતા.

મતગણતરીને અંતે ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણાએ પરિણામની ઘોષણા કરી હતી. તેમણે પ્રથમ ચાર મહિલા અનામત બેઠકોનું પરિણામ જાહેર કર્યુ હતું. આ પછી અન્ય ૮ વિજેતા ઉમેદવારોને વિજયી જાહેર કર્યા હતાં.

શ્રી રાણાની પેનલમાંથી બરખાબેન ઠાકોરને ૬૬, કૈલાસબા જગદીશસિંહ વાઘેલાને ૬૭, ગીતાબેન રબારીને ૬૬ અને ચંદ્રિકાબેન પટેલને ૬૬ મત મળતાં તેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

આ પછી શ્રી જીલુસિંહ વાઘેલાને ૬૬, નારણભાઈ ચૌધરીને ૬૫, પ્રહલાદજી ઠાકોરને ૬૫, મણાજી ઠાકોરને ૬૬, લાલભાઈ પટેલને ૬૭, શિવાભાઈ પટેલને ૬૫, શંકરસિંહ રાણાને ૬૮ તથા સોમાજી બારૈયાને ૬૬ મત મળતાં વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

આ મતગણતરી દરમિયાન ૨૪ મત રદ જાહેર કરાયા હતા. આ જંગને લઈને આવી રહેલ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે જેમના નામો બોલાતા હતા તેવા રાજકીય આગેવાનોનો પરાજય થયો છે. જિલ્લા પંચાયત કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી અરવિંદસિંહ સોલંકી, શ્રીમતી બિન્દુબા રાજેન્દ્રસિંહ રાઠોડ, ભાજપના શ્રી એસ.પી. ઠાકોર, મહિપતસિંહ વાઘેલા, લીલાબેન પટેલનો આ જંગમાં પરાજય થયો છે.

શ્રી રાણાની પેનલે ૨૦ મતની સરસાઈ મેળવી આ વિજયની હેટ્રીક નોંધાવી છે. શ્રી રાણાએ ૨૦૦૨માં મધુર ડેરીમાં સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. તેમણે ડેરીના વિકાસ માટે સતત કાર્યરત રહી આજે ગાંધીનગર ડેરીના ઉત્પાદનોને એક આગવી ઓળખ અપાવી છે જે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુર નગરપાલિકાની સામાન્ય સભા તોફાની બની

## કોંગ્રેસના એક સભ્યએ રાજીનામુ આપ્યું : ભાજપના બે સભ્યો તોડવામાં કોંગ્રેસ સફળ થતાં રાજકીય ગ્રજગ્રાહ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર નગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભા તોફાની બની જતાં તે અનિશ્ચિત સમય સુધી મુલ્તવી રાખવાની જાહેરાત નગરપતિ શ્રી કનુસિંહ ડાભીએ કરી હતી.

સમિતિઓની રચના સહિત અનેક કામોને લઈ આજે સામાન્ય સભા યોજવામાં આવી હતી. ભાજપ એક સભ્યની બહુમતી આ નગરપાલિકામાં છે પણ સત્તા કોંગ્રેસ પાસે છે. ગઈ તા. ૨૪મીએ કોંગ્રેસના એક મહિલા સભ્યએ હોદ્દા પરથી રાજીનામુ આપી દેતાં નગરપાલિકાનું રાજકીય વાતાવરણ ગરમાયેલુ હતુ.

આજે કોંગ્રેસ પક્ષે વળતો હુમલો કરતાં ભાજપના બે સભ્યોને તોડવાનો પ્રયાસ કર્યો હતો અને તેમાં સફળતા મળી હોવાની ગંધ ભાજપને આવતાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોના ટોળેટોળાં નગરપાલિકા ખાતે એકત્ર થઈ ગયા હતા.

સામાન્ય સભામાં સમિતિઓની રચનાનો મહત્વનો મુદ્દો હોવાથી બન્ને પક્ષો આ તક ગુમાવવા માંગતા ન હતા. સભ્યોના આગમન સમયે જ બન્ને પક્ષના કાર્યકરો દ્વારા સભ્યોની ખેંચાખેંચ શરૂ થઈ ગઈ હતી.

માંડ માંડ અંદર બન્ને પક્ષના સભ્યો પ્રવેશ્યા હતા અને સભાની કાર્યવાહી હાથ ધરાય તે પહેલાં જ ભાજપના સભ્યોએ રક્ષણ આપો સત્તા છોડોના નારા લગાવ્યા હતા. કોંગ્રેસ પક્ષે પણ સામે સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવી દીધુ હતુ.

આ સૂત્રોચ્ચાર વચ્ચે ભાજપ કોંગ્રેસના સભ્યોની ખેંચતાણ એટલી હદે વધી ગઈ હતી કે સભ્યો અંદરોઅંદર મારામારી સુધી ઉતરી આવતાં મામલો વધુ બિચક્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર




## બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **બટુકભાઈ મણીશંકર ત્રિવેદી** (Retd. ડે. સેક્રેટરી, સચિવાલય, ગાંધીનગર) તા. ૨૬-૭-૨૦૧૨, ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૯-૭-૨૦૧૨, રવિવારના રોજ સવારે ૯ થી ૧૧** કલાકે રાખેલ છે.

સ્થળ : સંસ્કાર બાલવાડી, યુનિવર્સિટી સ્ટાફ કોલોની, વલ્લભવિદ્યાનગર

**હિતેષ બટુકભાઈ ત્રિવેદી** મો. : ૯૪૨૭૧૦૧૬૮૬
**ઉર્મેશ બટુકભાઈ ત્રિવેદી** મો. ૯૮૨૫૨૫૧૯૬૯

# ભાવભીની શ્રદ્ધાંજલિ



આપ એક અગરબત્તી જેવું,
જાતે ઘસાઈને સુગંધ ફેલાવતું જીવન વિતાવી ગયા છો.
આપ આદર્શો, સિદ્ધાંતો અને
કર્મશીલતાનો માર્ગ બનાવી ગયા છો.
આપે પ્રસરાવેલી મહેક
સદા અમોને પ્રેરણા આપતી રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના

**મર્હુમ દશુબેગ યુ. મિરઝા**
સંચાલક : સારસ્વત હાઈસ્કૂલ, બાયડ
સંચાલક : સારસ્વત મહિલા પી.ટી.સી. કોલેજ, બાયડ
ઈન્તેકાલ : ૨૬-૭-૨૦૧૨, ગુરૂવાર (પવિત્ર રમઝાન માસ)

**શોકાતૂર**

અહેમદખાન કોદરખાન બલોચ
(આચાર્યશ્રી, સારસ્વત હાઈસ્કૂલ, બાયડ)
જુબેદાબેન એ. બલોચ
(આચાર્યશ્રી, વારેણા પ્રાથમિક શાળા)
સમીરખાન એ. બલોચ
(જિલ્લા બ્યૂરો ચીફ, ગાંધીનગર સમાચાર, બાયડ)
મોહિનખાન એ. બલોચ
રેનુજાબાનુ એસ. બલોચ
શાહિનબાનુ એમ. બલોચ
નફિઝખાન એસ. બલોચ